**C.M.A.No.** 15/2025.

सत्यमेव जयते

| GJRJ050023462025 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૨૯/૦૭/૨૦૨૫. |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૫. |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૧૪/૦૭/૨૦૨૬. |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦ ૧૧ ૧૫ |

==================================================

**જેતપુરના મહેરબાન એડીશ્નલ સીવીલ જજ (શ્રી ડી.એમ.પરમાર) સાહેબની અદાલતમાં મુકામઃ જેતપુરનાં સમક્ષ**

==================================================

**દીવાની પરચુરણ અરજ નં.૧૫/૨૦૨૫.**

**આંકઃ-**

**અરજદારઃ- (૧) પરસોતમભાઈ લક્ષ્મીદાસ બાટવીયા**

ઉ.વ.૭૦, ધંધો-વેપાર,

રહે.બાવાવાળા પરા, જેતપુર

**(૨) ગુજ.જયાબેન લક્ષ્મીદાસ બાટવીયા**

**વા.ઓ.ભીખુભાઈ ઉનડકટના વારસો**

૧. ગીરીશકુમાર ભીખુભાઈ ઉનડકટ ઉ.વ.૬૧
ધંધો-વેપાર રહે.ગુલાબવાડી સ્ટ્રીટ નં.૧
વૃંદાવન કોમ્પ્લેક્ષ સાધુવાસવાણી કુંજ રોડ,
રેલનગર પ્લોટ નં.૧૦, રાજકોટ.

૨. દિનેશ ભીખુભાઈ ઉનડકટ ઉ.વ.૫૪
રહે.શ્રી હરી, રોયલ એવન્યુ સોસાયટી,
વિધુતનગર પાછળ, રૈયા રોડ, રાજકોટ.

**C.M.A.No.** 15/2025.

૩. શૈલેષભાઈ ભીખુભાઈ ઉનડકટ ઉ.વ.પર
રહે.બ્લોક નં.એ/૨૦૩ સીમાધર રેસીડેન્સી
શેઠનગર સામે, જામનગર રોડ, માધાપર
રાજકોટ.

**//વિરુદ્ધ//**

**સામાવાળાઃ–** કોઈ નહી.

==================================================

અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રી કે.એન.લાખાણી

==================================================

==================================================

**બાબતઃ– વારસા સર્ટીફીકેટ મળવા બાબત.**

==================================================

**// ચુ કા દો //**

**(૧)** સદર કામે અરજદારની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદાર નં. (૧) ગુજ. મધુકાન્તાબેન લક્ષ્મીદાસ બાટવીયાના ભાઈ છે તેમજ અરજદાર નં. (૨.૧) થી (૨.૩) ગુજ. મધુકાન્તાબેન લક્ષ્મીદાસ બાટવીયાના ગુજરનારના બેન જયાબેન ભીખુભાઈ ઉનડકટના વારસો છે. મધુકાન્તાબેન લક્ષ્મીદાસ બાટવીયાનું તા. ૨/૨/૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે. ગુજરનાર મધુકાન્તાબેન લક્ષ્મીદાસ બાટવીયાનું બેંક ઓફ બરોડા–જેતપુર મેઈન બ્રાન્ચમાં એકાઉન્ટ નં. ૮૦૪૦૦૧૦૦૦૧૦૭૫૩ થી ધારણ કરતા હતા. તેણીનું અવસાન થતા, સદરહું એકાઉન્ટમાં રહેલ રકમ તેઓના વારસદારોને મેળવવાની હોય, વારસા સર્ટીફીકેટ મળવા હાલની

અરજી કરેલ છે. ગુજરનાર મધુકાન્તાબેન લક્ષ્મીદાસ બાટવીયા અપરણીત અવસાન પામેલ હોય, અરજદારો તેણીના આડી લીટીના વારસો છે. અમારા સિવાય બીજા કોઈ વારસદારો નથી.

| ક્રમ | નામ | ગુજરનાર સાથે સબંધ |
|---|---|---|
| ૧ | પરસોતમભાઈ લક્ષ્મીદાસ બાટવીયા<br>રહે.બાવાવાળા પરા, જેતપુર | ભાઈ |
| ૨ | ગુજ.જયાબેન લક્ષ્મીદાસ બાટવીયા<br>વા.ઓ.ભીખુભાઈ ઉનડકટના વારસો | ગુજ.બેનના સંતાનો |
| ૨.૧ | ગીરીશકુમાર ભીખુભાઈ ઉનડકટ ઉ.વ.૬૧<br>ધંધો–વેપાર રહે.ગુલાબવાડી સ્ટ્રીટ નં.૧<br>વૃંદાવન કોમ્પ્લેક્ષ સાધુવાસવાણી કુંજ રોડ,<br>રેલનગર પ્લોટ નં.૧૦, રાજકોટ. | " |
| ૨.૨ | દિનેશ ભીખુભાઈ ઉનડકટ ઉ.વ.૫૪<br>રહે.શ્રી હરી, રોયલ એવન્યુ સોસાયટી,<br>વિધુતનગર પાછળ, રૈયા રોડ, રાજકોટ. | " |
| ૨.૩ | શૈલેષભાઈ ભીખુભાઈ ઉનડકટ ઉ.વ.૫૨<br>રહે.બ્લોક નં.એ/૨૦૩ સીમાધર રેસીડેન્સી<br>શેઠનગર સામે, જામનગર રોડ, માધાપર<br>રાજકોટ. | " |

ગુજરનાર મધુકાન્તાબેન લક્ષ્મીદાસ બાટવીયાનું બેંક ઓફ બરોડા–જેતપુર મેઈન બ્રાન્ચમાં એકાઉન્ટ નં. ૮૦૪૦૦૧૦૦૦૦૧૦૭૫૩ થી ધરાવતા હતા.

ગુજરનારની બેંક ખાતાની તા. ૧૭/૭/૨૦૨૫ સુધીની બેલેન્સ રૂ. ૫,૪૦,૨૪૧=૪૦ પૈસા છે.

કોર્ટ ફી એકટની જોગવાઈ મુજબ વારસા સર્ટીફીકેટ મળવા માટે અમારે રૂ: ૩૧,૦૦૦/– ની કોર્ટ ફી ભરવાની થાય છે. તે રકમ નામદાર કોર્ટ હુકમ કરે ત્યારે જમાં કરાવવા તૈયાર છીએ.

અમો અરજદારોએ જે મિલ્કત બાબતે વારસા સર્ટીફીકેટ માંગેલ છે તેનું મિલ્કતનું શીડયુલ આ અરજી સાથે સામેલ છે. અમારી આ અરજી અંગેની જાહેરાત અમારા ખર્ચે દૈનિક પેપરમાં આપવા અરજ છે.

**સદરહુ અરજ લાવી અરજદારએ દાદ માંગેલ છે કે,**

(એ) અરજી મંજુર કરવા

(બી) અરજદારો જોગનું મિલ્કતના શેડયુલ પરિશિષ્ટ–એ માં જણાવેલ મિલ્કતનું વારસાઈ સર્ટીફીકેટ અપાવવા હુકમ કરેલ છે.

મિલ્કતનું શેડયુલ પરિશિષ્ટ–એ, નીચે મુજબ રજુ કરેલ છે.

| ક્રમ | વિગત | કિંમત |
|---|---|---|
| ૧. | બેંક ઓફ બરોડા જેતપુર મેઈન બ્રાન્ચ એકાઉન્ટ નં.૮૦૪૦૦૧ ૦૦૦૧૦૭૫૩ | રૂ.૫,૪૦,૨૪૧=૪૦ પૈસા |

**(૨)** સદરહુ કામે અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

**<u>મૌખિક પુરાવાઓ.</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદારનું સરતપાસનું સોગંદનામું. | ૦૬ |

<u>**દસ્તાવેજી પુરાવાઓ**</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | મધુકાન્તાબેન લક્ષ્મીદાસ બાટવીયાનું મરણપ્રમાણપત્ર | ૯ |
| ૨. | ગુજ.જયાબેન ભીખુભાઈ ઉનડકટનું મરણ પ્રમાણપત્ર | ૧૦ |
| ૩. | બેંક ઓફ બરોડા જેતપુર મેઈન બ્રાન્ચનુ ગુજ.ના ખાતાનું સર્ટીફીકેટ | ૧૧ |
| ૪. | પરસોતમભાઈ લક્ષ્મીદાસ બાટવીયાનું આધારકાર્ડ | ૧૨ |
| ૫. | ગીરીશકુમાર ભીખુભાઈ ઉનડકટનું આધારકાર્ડ | ૧૩ |
| ૬. | દિનેશ ભીખુભાઈ ઉનડકટનું આધારકાર્ડ | ૧૪ |
| ૭. | શૈલેષ ભીખુભાઈ ઉનડકટનું આધારકાર્ડ | ૧૫ |
| ૮. | પરસોતમભાઈ લક્ષ્મીદાસ બાટવીયાનું પાનકાર્ડ | ૧૬ |
| ૯. | ગીરીશકુમાર ભીખુભાઈ ઉનડકટનું પાનકાર્ડ | ૧૭ |
| ૧૦. | દિનેશ ભીખુભાઈ ઉનડકટનું પાનકાર્ડ | ૧૮ |
| ૧૧ | શૈલેષ ભીખુભાઈ ઉનડકટનું પાનકાર્ડ | ૧૯ |
| ૧૨ | ગુજરનારનો વારસીઆઈ આંબો | ૮/૧ |

(૩) સદર કામે આંક–૦૬ થી અરજદારોનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ અરજીની હકીકતને સમર્થનકારી હકીકત જણાવેલ છે અને પોતાની આંક–૦૧ ની અરજીની હકીકતોને વળગી રહી અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) સદર કામે આંક–૦૯ થી રજુ મધુકાંન્તાબેન લક્ષ્મીદાસ બાટવીયાનાં મરણનાં દાખલાને વંચાણે લેતાં તેઓ તા.૦૨/૦૨/૨૦૨૫ નાં રોજ

મરણ ગયેલ હોવાનું જણાઈ આવે છે. તેમજ આંક–૧૦ થી રજુ જયાબેન ભીખુભાઈ ઉનડકટનાં મરણનાં દાખલાને વંચાણે લેતાં તેઓ તા.૩૦/૦૧/૨૦૨૩ નાં રોજ મરણ ગયેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં આ કામનું સમગ્ર રેકર્ડ વંચાણે લઈ ધ્યાને લીધું.

(૫) આ કામે અરજદારની અરજીની હકીકત સામે જો કોઈ વાંધેદારને વાંધો હોય તો તે રજુ કરવા માટે પુરતો અને યોગ્ય સમય આપવામાં આવેલ તેમજ અરજદારે મજકુર અરજી અંગે 'અકીલા' તા.૦૮/૮/૨૦૨૫ અખબારમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ તેની અસલ નોટીસ સદર કામે આંક–નિ.૫/૧ થી રજુ કરેલ છે, અને તેમાં જો કોઈ વાંધેદારને વાંધો હોય તો તે રજુ કરવા માટે પુરતી અને યોગ્ય તક આપવામાં આવેલ પરંતુ અરજદારની અરજીની હકીકત પરત્વે કોઈ વાંધેદારનો વાંધો યાં વિરોધ આવવા પામેલ નથી. તેમ છતાં અરજીનાં પક્ષકારો સિવાય પણ અન્ય કોઈ ત્રાહિત પક્ષકારોની વાંધા અરજી જાહેર નોટીસ પ્રસિધ્ધ કર્યાના દિન–૩૦ બાદ પણ અત્રેની કોર્ટ સમક્ષ રજુ થયેલ નથી. જેથી અરજી સિવાયના કોઈ પક્ષકારને અરજદારની અરજી મંજુર થવા સામે વાંધો હોય તેમ જણાતું નથી. વધુમાં આ કામે અરજદારે આંક–૨૦ થી કલોસીંગ પુરસીસ રજુ કરી વધુમાં પુરાવા રજુ કરવા માંગતા નથી તેવી જાહેરાત કરેલ છે.

(૬) વધુમાં, સકસેશન સર્ટીફિકેટ કાઢી આપવા અંગે કાયદાની જોગવાઈઓ મુજબ પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો નીચે મુજબ છે.

The object of succession certificate is to facilitate the collection debts and not to enable the parties

to litigate questions of disputed title, the grant of succession certificate does not determine any question of title or decide what property does or does not belong to the estate of the deceased, it merely enables a party to whom the certificate is granted to collect any debt or security belonging to the deceased. And any person of sound mind and not a minor can apply for succession certificate provided he has an interest in the estate of the deceased.

(૭) ઉપરોકત તમામ પુરાવાઓને ધ્યાનમાં લેતા એવું જણાઈ આવે છે કે, મધુકાન્તાબેન લક્ષ્મીદાસ બાટવીયા નું તા.૦૨/૦૨/૨૦૨૫ નાં રોજ અવસાન થયેલ છે. અરજદારની અરજીની હકીકત પરત્વે કોઈ પણ પ્રકારનો વાંધો–વિરોધ નથી તેમ જણાંવેલ છે. રજુ રેકર્ડ, પુરાવા તથા હકીકત જોતાં અરજદારની અરજી મંજૂર કરવી તે ન્યાયોચિત જણાંતી હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

૧. હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. આથી અરજદારોના નામનું અરજીમાં જણાવેલ પરીશિષ્ટ–એ માં નામદાર કોર્ટનાં હુકમ મુજબ ભારતીય વારસા ધારા ૧૯૨૫ ની કલમ–૩૭૨ મુજબ જરુરી કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કર્યેથી સકસેસન સર્ટીફિકેટ કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં, અરજદારોએ તેના નામનું જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કરવું તથા અરજદારોએ મિલકતની કિંમતથી દોઢી રકમના જામીન અને

જાતમુચરકા ભારતીય વારસાધારાની કલમ–૩૭૫ મુજબ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અરજદારે વધુમાં સર્ટીફિકેટ મેળવવા માટે ગુજરાત કોર્ટ ફી અધિનિયમ હેઠળ થતી કોર્ટ ફી ભરવાની રહેશે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૪, માહેઃજુલાઈ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૧૪/૦૭/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)

એડીશ્નલ સિવિલ જજ,

જેતપુર.

UIC–GJ01563.